નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-૩૬ જગ્યાઓનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત.

---

**ગુજરાત સરકાર,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક : **SJED/EOD/e-file/17/2023/2732/J,**

સચિવાલય, ગાંધીનગર.

તા.As per e-sign

**વંચાણે લીધા:-**

૧. આ વિભાગનો તા.૧૭.૦૨.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/2732/J.
૨. આ વિભાગના તા.૧૯.૦૮.૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક: GL/21/2025/SJED/ EOD/e-file/17/2024/1782/J.
૩. આ વિભાગનો તા.૨૯.૧૨.૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2025 /2711/J.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૫.૦૯.૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/પ/૮૨૩/૨૦૨૫/ક.

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૧૭.૦૨.૨૦૨૪ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) કુલ-૩૫ નક્કી કરવામાં આવેલ હતુ.

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૧૯.૦૮.૨૦૨૫ના જાહેરનામાથી નાયબ નિયામક (વર્ગ-૧) ના ભરતી નિયમો અદ્યતન કરવામાં આવેલ, જેમાં નાયબ નિયામક (વર્ગ-૧) ની જગ્યા સીધી ભરતી-બઢતીથી ભરવા અંગેનો રેશીયો રદ કરવામાં આવેલ હતો.

ત્યારબાદ, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૨૯.૧૨.૨૦૨૫ના ઠરાવથી, નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-૧ જગ્યા ઉભી કરવામાં આવેલ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા, તેઓના વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૧૫.૦૯.૨૦૨૫ના પત્રથી, નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ નવેસરથી નક્કી થઈ આવવા કરાયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, **નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ કુલ-૩૬ નક્કી કરવામાં આવે છે.**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૦.૦૨.૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

**(કૌશલ લાંઘણોદા)**
**સેકશન અધિકારી**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ગુજરાત સરકાર**

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સા. ન્યા. અને અધિ.ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (જી.પી.એસ.સી.-સંકલન સેલ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ગ-૫ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Kaushal C Langhnoda*
*Section Officer*
*Date:2026.05.01*
*17:22:36 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*